[ Sj. G.V. Subbarao, a patriot and a veteran follower of the Congress principles, a public worker of Andhra and Tamil Nadu, was also the editor of the journal, GOSHTI. He met Sri Aurobindo in October 1923. Much later, at Kakinada, he delivered a lecture which was published in the Sunday Times of 6 May 1951. Here we give just the portion of his meeting with Sri Aurobindo. - Editor ]

**"It was in October, 1923**, that I first saw Sri Aurobindo in his Ashram, at Pondicherry. He was seated on a small cushioned chair, in a rather narrow verandah on the first floor of his house in which he lived for over forty years. There were about a dozen chairs in the room and a small table in front, with papers, flowers and a few books on it. There was a small time-piece to indicate the progress of time, because everything here must be done according to precision and order. Sri Aurobindo was dazzling white in colour – it was said that, in his earlier years, he was more dark than brown and had a long, rather thin beard which was well-dressed with streaks of white strewn here and there. The figure was slender and not much taller than Gandhiji's but a bit more fleshy. The eyes were big and elongated to a point and their looks were keen and piercing like shells. He was dressed in fine cotton – not khaddar evidently. He had only two clothes on, one a dhoti and the other an upper cloth worn in the traditional fashion of an *Upaveetam,* i.e. right arm and shoulder exposed. The lower part of the legs was slender, feminine and the feet were hidden in two small slippers.

"His voice low, but quite audible, quick and musical. He was fast in his flow of speech, clear like a crystal and analytical to a degree. In a fifteen-minute talk, he gave me his philosophy in a nutshell. He was simple and courteous, outspoken and free in his interrogations. It seemed as though he could know a man by a sweep of his eyes, and read men's minds from a survey of their photographs. He appeared as one highly cognizant of the value of time; and at the end of the appointed fifteen minutes, he stood up looking at the clock, as if intimating that I should retire. He was kind throughout, as to a child, but I could discern enough in his demeanour to conclude that he could be stern and imperious when required. To his disciples, he was loving like a Guru, but demanded absolute spiritual surrender before one can be admitted to his heart's domain."

- G.V. Subbarao

[ The Life of Sri Aurobindo by A.B. Purani, Edition 1978, pg.188-189. ]

**From:Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆0413-2331470**
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨.✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ • **August 2017**

Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**2017**
AUGUST
૧ ઑગસ્ટ,૨૦૧૭

**— શ્રી અરવિંદ દિલ્હીના દરબારમાં —**

**—— શ્રી અરવિંદ સાથે શ્રી જી.વી. સુબ્બારાવની મુલાકાત ——**

**—— Sj. G.V. Subbarao Meets Sri Aurobindo ——**


## રાષ્ટ્રપતિ ભવનમાં શ્રી અરવિંદની છબી

**એક નાનો** કહો કે પછી ઘણો મોટો કહો, પણ ઘણો મધુર અને પુલકિત કરે તેવો એક બનાવ હમણાં બન્યો: રાષ્ટ્રપતિ ભવનમાં શ્રી અરવિંદની છબી મુકાઈ.

આશ્રમની એક બાલિકાની આંગળીએ વળગીને જાણે કે શ્રી અરવિંદ દિલ્હીના દરબારમાં પહોંચી ગયા.

રાષ્ટ્રપતિ ભવન આપણા રાષ્ટ્રની અનેક વિભૂતિઓની છબીઓથી વિભૂષિત બનેલું છે. પરંતુ એ વિભૂતિઓમાં શ્રી અરવિંદ પણ એક છે એ વાત ઘણાના ધ્યાન બહાર રહી ગયેલી છે. આશ્રમની એક બાલા રાષ્ટ્રપતિ ભવન જોવાને ગઈ અને ત્યાંની બધી અનેક છબીઓમાં શ્રી અરવિંદની છબી ન દેખાતાં તેણે, સુયોગે ત્યાંથી પસાર થતા શ્રી રાષ્ટ્રપતિને નમ્ર ભાવે પ્રશ્ન કર્યો કે અહીં શ્રી અરવિંદની છબી કેમ નથી. રાષ્ટ્રપતિએ કહ્યું કે, બેટી, અહીં તો રાજકીય પુરુષોનાં જ ચિત્રો હોય છે. શ્રી અરવિંદ તો મહર્ષિ હતા. ત્યાં ટાગોરનું પણ ચિત્ર હતું તે બતાવી બાલિકાએ કહ્યું, પણ ટાગોર કંઈ રાજકીય પુરુષ ન હતા. અને રાષ્ટ્રપતિએ ક્ષણેક શાંત રહી પછી તેને કહ્યું, અચ્છા બેટી, શ્રી અરવિંદનું ચિત્ર અહીં મુકાવીશું. અને પોતાના સેક્રેટરીને તેની નોંધ લેવા તેમણે કહ્યું.

એ પછી એ મહાન રાષ્ટ્રપતિ ભવનનાં ચક્રો શરૂ થયાં. સરકાર પોતે ચિત્ર તૈયાર કરાવે તેના કરતાં શ્રી અરવિંદ આશ્રમ પોતે જ તેને યોગ્ય લાગે તેવી છબી તૈયાર કરી ન મોકલે? શ્રી માતાજીએ તે વાત સ્વીકારી. ગુજરાતમાં શ્રી અરવિંદ હતા તે વખતના રાજકીય નેતા તરીકેની છબી પસંદ કરવામાં આવી અને આશ્રમમાં આવી વસેલા સુવિખ્યાત મહા કલાકાર શ્રી પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાયે તેનું એક તૈલચિત્ર તૈયાર કર્યું. અને આ ૧૫મી ઑગસ્ટે દિલ્હીમાંની



**શ્રી અરવિંદ, રાષ્ટ્રનેતા : ૧૯૦૭-૦૮** **રાષ્ટ્રપતિ ભવનમાં શ્રી અરવિંદની છબીઃ ૧૫ ઑગસ્ટ ૧૯૫૯**

શ્રી અરવિંદ આશ્રમની શાખાના કાર્યકર્તાઓએ (અને આ બાલિકા તે ત્યાંના મુખ્ય સંચાલક શ્રી જૌહરની જ પુત્રી હતી) એ ચિત્ર રાષ્ટ્રપતિ ભવનમાં, આશ્રમ તરફથી ભેટ તરીકે પહોંચાડયું.

શ્રીઅરવિંદની છબીના સ્વાગત માટે રાષ્ટ્રપતિ ભવને મોકળા મને તૈયારીઓ કરેલી. ત્યાંના સેક્રેટરીએ શ્રી જૌહરને કહ્યું, તમે જેમ ઇચ્છશો તેમ બધી વ્યવસ્થા કરી દઈશું. અને એક ખંડને એની અંદરના ખુરસી ટેબલો હઠાવીને શેતરંજીઓ વગેરેથી સુશોભિત કરવામાં આવ્યો. રાષ્ટ્રપતિ ભવનમાં આવેલા મ્યુઝિયમના કલાકારે ખંડને મન ભરીને શણગાર્યો. અને શ્રી માતાજીએ નક્કી કરી આપેલા સમયે ૧૫ મીના બપોરે બાર વાગે — મધ્યાહ્ન કાલે એ સમારંભ શરૂ થયો.

રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્ર બાબુ તો દિલ્હીમાં ન હતા એટલે ઉપરાષ્ટ્રપતિ ડો. રાધાકૃષ્ણન્ આ સમારંભના અધ્યક્ષ હતા. તેમણે કહ્યું, આ ઉત્તમોત્તમ મુહૂર્ત છે. અને અર્ધોએક કલાકનો, પ્રાર્થના, ધ્યાન અને ડો. રાધાકૃષ્ણનના પ્રવચનનો નાનકડો અને ટૂંકો કાર્યક્રમ પૂરો થયો. એ કાર્યક્રમ પછી રાષ્ટ્રપતિ ભવનનાં માણસો બોલી ઊઠયાં, અહીં અનેક કાર્યક્રમો થયા છે, પણ આવો કાર્યક્રમ અમે કદી જોયો નથી.

- સુન્દરમ્

['દક્ષિણા'-પુ.૧૩/અંક ઑગસ્ટ ૧૯૫૯, પૃ.૯.]

# શ્રી અરવિંદ સાથેની એક મુલાકાત

[ પોંડિચેરીમાં ૧૯૧૦માં આવ્યા ત્યારથી શ્રી અરવિંદ સાધના સિવાય બીજા કોઈ હેતુ માટે કોઈને મળતા નહિ. છતાં કોઈ જીજ્ઞાસુઓ એમને મળવા આવતા. બહારના લોકોને નહિ મળવા વિષેનો કડક નિયમ સને ૧૯૨૦ પછી કાંઈક વધારે ઉદાર બન્યો હતો. ૧૯૨૦ થી ૧૯૨૬ સુધીમાં શ્રી અરવિંદને ઘણા લોકો મળ્યા છે. તેમાંના એક શ્રી જી. વી. સુબ્બારાવ, આંધ્ર અને તામીલનાડના પીઢ મહાસભાવાદી દેશભક્ત અને જાહેર કાર્યકર્તા તથા ' ગોષ્ટિ ' પત્રના તંત્રી છે. એમણે થોડા સમય ઉપર પોતાની શ્રી અરવિન્દ સાથેની મુલાકાતનું વર્ણન કાકિંડામાં કર્યુ હતું તેનો સાર અહીં આપ્યો છે.

- અંબાલાલ પુરાણી ]

**સન ૧૯૨૩ ના ઑકટોબરમાં** શ્રી અરવિંદને પહેલ વહેલો મળ્યો. પોંડિચેરીમાં એમના ઘરના મેડા ઉપરના સાંકડા વરંડાની બરાબર વચમાં એક નીચી ખુરશીમાં તેઓ બેઠા હતા. પીઠ તરફ એક બારણું હતું. એમની સામે એક નાનું સરખું ટેબલ હતું જેના ઉપર ફૂલની રકાબી, ન્યૂસ પેપરો હતાં તથા એક નાનો ઘડિયાળનો ડબ્બો હતો. ટેબલથી જરા દૂર એમની ખુરસીની સામી હારમાં દસ બાર ખુરસીઓ પડી હતી. એમાંની એક પર હું બેઠો. એમનો દેહ જ્યોતિર્મય શ્વેત હતો- એમ સાંભળ્યું છે કે પહેલાં તેઓ શ્યામ વર્ણના હતા — અને નાની આછી દાઢી લાંબી હતી તેમાં કોઈ કોઈ સફેદ વાળ દેખાતા હતા. એમનાં નેત્રો વિશાળ અને દૃષ્ટિ પ્રખર અને તીક્ષ્ણ હતી. હાથનું વણેલું ધોતિયું — ખાદી નહિ — અને ચાદર એમ બે જ કપડાં એમણે પહેર્યાં હતાં તેમાં ચાદર એવી રીતે ઓઢી હતી કે જમણો હાથ અને ખભો બહાર રહે. એમનો અવાજ ધીમો પણ સ્પષ્ટ સંભળાય તેવો અને નિશ્ચયાત્મક હતો. વાણીનો પ્રવાહ વેગવાળો, વિચારો સ્ફટિક જેવા સ્પષ્ટ અને સૂક્ષ્મ તથા પૃથક્કરણ કરનારા હતા. પંદર મિનિટમાં એમણે મને એમના દર્શનનો સાર સમજાવી દીધો, પ્રશ્નો પૂછવામાં તેઓ સરળ, સભ્યતાવાળા, ખુલ્લા દિલના હોઈ છૂટથી પૂછતા હતા. એક દૃષ્ટિપાતથી તેઓ માણસને જાણી લેતા, અને વ્યક્તિના ફોટોગ્રાફ પરથી એની શક્તિઓ અને મનોદશા પામી શકતા. સમયની એમને ઘણી કિંમત હતી. બરાબર પંદર મિનિટ પૂરી થઈ એટલે ઘડિયાળ સામે જોતા તેઓ ઊભા થઈ ગયા, એટલે મારે જવાનો સમય થઈ ગયો છે તેનું મને ભાન થયું. મારી સાથે હું બાળક હોઉં એવું માયાળુ એમનું વર્તન હતું તે છતાં જરૂર પડે ત્યારે તેઓ કઠોર અને આજ્ઞાકારી થઈ શકે એવા પુરુષ છે એ હું જોઈ શકયો. એમના શિષ્યો પ્રત્યે તેઓ એક પ્રેમાળ ગુરુ હતા. પરંતુ એમના હૃદયમાં પ્રવેશ કરતાં પહેલાં સંપૂર્ણ સમર્પણની તેઓ માગણી કરતા.

- જી .વી. સુબ્બારાવ

[ 'દક્ષિણા' - પુ.૫.
અંક ઑગસ્ટ ૧૯૫૧, પૃ.૩૪. ]